ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GVV/e-file/17/2022/0003/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૧/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/GVV/e-file/17/2022/0003/A Section

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૯/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/MIS/e-file/225/2024/0547/Administrative.

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના આ વિભાગના તા.૩૦/૦૧/૨૦૨૫ ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની કુલ ૦૫(પાંચ) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થનાર હોઇ વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તા.૧૯/૧૧/૨૦૨૫ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની કુલ ૦૫(પાંચ) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની નીચેના કોષ્ટક મુજબની કુલ ૦૫(પાંચ) જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ હંગામી જગ્યા | વર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હિસાબી અધિકારી | ૨ | ૦૧ |
| ૨ | સિનિયર કલાર્ક | ૩ | ૦૨ |
| ૩ | જુનિયર કલાર્ક | ૩ | ૦૨ |
| | કુલ | | ૦૫(પાંચ) |

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રની જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ જગ્યાઓ જે હેતુ માટે ઊભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) નાણાં વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z1 તથા અન્ય વખતોવખતની તમામ આનુષાંગિક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ હંગામી જગ્યાઓની મુદ્દત પૂર્ણ થયા બાદ જો જગ્યાઓ ચાલુ રાખવાની આવશ્યક્તા જણાય તો જગ્યાઓ ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મુદ્દત પૂર્ણ થવાના ચાર માસ પહેલાં નિયામકશ્રી(વિ.જા.ક) મારફતે કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગના પરામર્શમાં તા.૦૩/૧૨/૨૦૨૫ ની નોંધ પર સક્ષમ કક્ષાએથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

e-Sd/-
સમીર ગરાસીયા
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નંબર-૧૯/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર. મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature valid
Signed by:Samir Garasia
Section Officer
Date:2025.12.08
16:17:14 +05:30